# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત.
## આંતરિક કસોટી - ૨૦૧૬
## એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)
## Economics of Growth, Development & Planning : I

**તારીખ : ૨૪/૦૯/૨૦૧૬** | **બેઠક નંબર : .........**
**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** | **કુલ ગુણ : ૫૦**

**૧. ટૂંકમાં જવાબો આપો. (કોઈ પણ દસ)** **(૧૦)**

૧. ભાવ પદ્ધતિની મુખ્ય મર્યાદાઓનો નિર્દેશ કરો.
૨. અવિરત વિકાસ ક્ષમતાનો ખ્યાલ સ્પષ્ટ કરો.
૩. માનવ વિકાસના ખ્યાલનું મહત્ત્વનું સમજાવો.
૪. આંતરિક અને બાહ્ય ઉદારીકરણ એટલે શું ?
૫. આર્થિક વિકાસના નિર્દેશકો કયા છે ?
૬. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના ખ્યાલો સમજાવો.
૭. ઉદારીકરણ અને વૈશ્વિકરણનો અર્થ સમજાવો.
૮. માનવ સંસાધન વિકાસની વિભાવના સમજાવો.
૯. આર્થિક વિકાસના અવરોધક પરિબળો દર્શાવો.
૧૦. અધિશેષ મૂલ્ય એટલે શું ?
૧૧. આંતરિક અને બાહ્ય ઉદારીકરણ એટલે શું ?
૧૨. વિશ્વ વેપાર સંગઠનના સિદ્ધાંતો જણાવો.
૧૩. ગરીબીનું વિષચક્ર એટલે શું ? ગરીબીના વિષચક્રની લાક્ષણિકતાઓ જણાવો.
૧૪. વિશ્વ વેપાર સંગઠનના હેતુઓ જણાવો.

**૨.** એડમ સ્મિથના આર્થિક વિચારોની વિસ્તૃત ચર્ચા કરો. **(૧૫)**

**અથવા**

**૨.** કાર્લ માર્કસના ઔદ્યોગિક અનામત દળ, મૂડીસંચયની પ્રક્રિયા અંગેના વિચારોની સવિસ્તર ચર્ચા કરો.

**અથવા**

**૨. (અ)** આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ વચ્ચેનો તફાવત સમજાવો.

**(બ)** મહિલા સંબંધિત વિકાસ આંક અને મહિલા સશકિતકરણના માપ વિશે સમજૂતિ આપો.

**અથવા**

**૨. (અ)** મુકત અર્થતંત્રની તુલનામાં આયોજિત અર્થતંત્રમાં કાર્યરત ભાવ પદ્ધતિ કઈ રીતે શ્રેષ્ઠ છે ?

**(બ)** આર્થિક વિકાસની પ્રક્રિયામાં રાજયની ભૂમિકા વિશે સમજૂતી આપો.

(પાનું ઊલટાવો)

**૩. (અ)** કાર્લ માર્કસ દ્વારા રજુ કરવામાં આવેલ અધિશેષ મૂલ્ય અને મૂડીસંચયની પ્રક્રિયાના ખ્યાલની સમજૂતી આપો. **(૧૫)**

**(બ)** વિશ્વ વેપાર સંગઠનના મૂળભૂત સિદ્ધાંતો કયા છે ?

**અથવા**

**૩. (અ)** વિશ્વ વેપાર સંગઠનની રચનાની રચનાને લીધે ભારતને થનાર લાભની ચર્ચા કરો.

**(બ)** ડેવિડ રીકાર્ડોનો આર્થિક વૃદ્ધિનો સિદ્ધાંત સમજાવો.

**અથવા**

**૩.** માનવી વિકાસનો ખ્યાલ સમજાવી ભારતમાં માનવ વિકાસના વલણો તપાસો.

**અથવા**

**૩.** મુકત અર્થતંત્ર અને આયોજિત અર્થતંત્રમાં કાર્ય કરતી ભાવ પદ્ધતિનું તુલનાત્મક વિશ્લેષણ કરો.

**૪. ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(૧૦)**

૧. એડમ સ્થિમના આર્થિક વૃદ્ધિ અંગેના વિચારો
૨. આર્થિક વિકાસની પૂર્વશરતો
૩. ભાવપદ્ધતિ અને ઉત્પાદનના સાધનોની ફાળવણી
૪. વૈશ્વિકરણ અને ઉદારીકરણની અસરો
૫. ડેવિડ રિકાર્ડોનો આર્થિક વૃદ્ધિ અંગેનો સિદ્ધાંત
૬. આર્થિક વિકાસના બિન નાણાંકીય નિર્દેશકો
૭. અવિરત વિકાસનો ખ્યાલ
૮. મહિલા સંબંધિત વિકાસ આંક
૯. આર્થિક વિકાસ માટેની પૂર્વશરતો

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત.

આંતરિક કસોટી - ૨૦૧૬

એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)

સંચાલન : સિધ્ધાંત અને વ્યવહાર

તારીખ : ૨૬/૦૯/૨૦૧૬ બેઠક નંબર : .........

સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦ કુલ ગુણ : ૫૦

સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે. (૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.

**૧. નીચેનાં પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.** **(૧૦)**

૧. સંચાલનના સામાન્ય સિદ્ધાંતો જણાવો.

૨. શકિતની લાક્ષણિકતાઓની યાદી આપો.

૩. જ્ઞાન સંચાલન એટલે શું ?

૪. કારકિર્દી વિકાસનો અર્થ સ્પષ્ટ કરો.

૫. ફ્રીન્જ બેનીફીટ્સ એટલે શું ?

**૨. (અ)** સંચાલન થીયરીનો અર્થ જણાવી તેની ઉપયોગીતા સમજાવો. **(૦૬)**

**(બ)** વ્યવસ્થાતંત્રીય સંસ્કારિતાની લાક્ષણીકતાઓ જણાવો. **(૦૬)**

**અથવા**

**૨. (અ)** માનવસંબંધોની વિચારસરણી સમજાવો. **(૦૬)**

**(બ)** શકિતના વિવિધ પ્રકારોની ચર્ચા કરો. **(૦૬)**

**૩.** જ્ઞાન સંચાલનની પ્રક્રિયા વર્ણવો. **(૧૨)**

**અથવા**

**૩.** કામગીરી મૂલ્યાંકનની યુગલ-તુલના અને વર્ણનાત્મક પધ્ધતિ સમજાવો. **(૧૨)**

**૪. (અ)** કામગીરી મૂલ્યાંકનની પ્રક્રિયા વર્ણવો. **(૦૮)**

**અથવા**

**(અ)** વળતર પેકેજના હેતુઓ જણાવો. **(૦૮)**

**૪. (બ) કેસ સ્ટડી :** **(૦૮)**

ભારતમાં સ્થપાયેલ વેસ્ટર્ન ઈલેક્ટ્રોનિકસ કંપની ૨૦ વર્ષથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્પાદન - વેચાણ કરનારી કંપની છે. જેના મેનેજિંગ ડિરેક્ટર પ્રતાપ મેકવાન છે. જેમનાં સંચાલન હેઠળ કંપનીએ ખૂબ જ સારી પ્રતિષ્ઠા મેળવી છે. તેઓ કર્મચારીઓને હંમેશા આજીવન રોજગારી આપવી, નિર્ણય ઘડતરમાં ભાગીદાર બનાવવા, સમસ્યાને અખીલાઈમાં જોવી અને માનવ સંશાધનમાં માનનારા હતા.

તેમનાં છેલ્લા એક વર્ષનાં નિવૃત્તકાળ દરમ્યાન તેમનાં દીકરા દીપકે તેનું સંચાલન હાથ પર લીધું. તેમણે સંચાલનની નવી ટેકનિકસ દાખલ કરી, પણ તેઓ સફળ ન રહ્યા. તેઓ માત્ર ટૂંકાગાળામાં ઝડપી નફો પ્રાપ્ત કરીને લાંબાગાળાનાં અસ્તિત્વને કાયમી રાખવાની વ્યૂહરચના પર ભાર મૂકતાં હતાં.

ઉપરોકત કેસમાં પ્રતાપ મેકવાને સંચાલનની કઈ વિચારસરણી દાખલ કરી હતી ? શ્રી દીપકની નિષ્ફળતાનું કારણ શું ?

BDP

# જે. ઝેડ. શાહ આટ્ર્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત.

## આંતરિક કસોટી - ૨૦૧૬

## એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)

## વિજ્ઞાપન અને વેચાણકળા

**તારીખ : ૨૭/૦૯/૨૦૧૬** — **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** — **કુલ ગુણ : ૫૦**

---

**૧. ટૂંકમાં જવાબ આપો.** **(૧૦)**

૧. વિજ્ઞાપનની વ્યાખ્યા આપો.

૨. જાહેરાત ખર્ચ માટે ભંડોળની ફાળવણીને અસર કરતાં પરિબળો જણાવો.

૩. ખરીદકેન્દ્ર પરના વિજ્ઞાપનના માધ્યમો જણાવો.

૪. વ્યકિતગત વેચાણની વ્યાખ્યા આપો.

૫. વેચાણ પૂર્વાનુમાનાની મર્યાદાઓ જણાવો.

**૨. (અ)** "જાહેરાત સામાજીક કલ્યાણમાં વૃદ્ધિ કરે છે." - સમજાવો. **(૦૬)**

**(બ)** બિનમાધ્યમ જાહેરાતના ઓજારોની ચર્ચા કરો. **(૦૭)**

**અથવા**

**૨. (અ)** વિજ્ઞાપન બજેટની પ્રક્રિયા વર્ણવો. **(૦૬)**

**(બ)** ગ્રાહકની વાર્તનિક ગતિવિધિઓને લગતાં વિજ્ઞાપનના હેતુઓ સમજાવો. **(૦૭)**

**૩. (અ)** સંભવિત ગ્રાહકના લક્ષણો જણાવી સંભવિત ગ્રાહકનો વસ્તુમાં રસ નિર્માણ કરવા માટે શું કરશો ? **(૦૬)**

**(બ)** વેચાણ સંચાલનના હેતુઓ સમજાવો. **(૦૭)**

**અથવા**

**૩.** વેચાણ પૂર્વાનુમાનની ગ્રાહક ઈરાદાની મોજણી તથા નિષ્ણાંતના અંદાજની પધ્ધતિ સવિસ્તાર સમજાવો. **(૧૩)**

**૪. (અ)** ટૂંકનોંધ લખો. (ગમે તે એક) **(૦૬)**

(૧) જાહેરાત બજારક્રિયાના એક ઓજાર તરીકે

(૨) વેચાણ કવોટા

(૩) સ્પર્ધાત્મક સમતા પદ્ધતિ

**૪. (બ) કેસ સ્ટડી :** **(૦૮)**

શ્યામ કેમિકલ્સ કંપની લિ. ગુણવત્તાવાળી જંતુનાશક દવાઓનું ઉત્પાદન અને વેચાણ કરવા માંગે છે. આ જંતુનાશક દવાઓની ઉત્પાદન પડતર એક કિલો દીઠ રૂા. ૨૪/- થાય એમ છે. આ ક્ષેત્રમાં ગળાકાપ હરિફાઈ છે. ખેતી ક્ષેત્રમાં ઉપયોગી એવી ઊંચી ગુણવતાવાળી જંતુનાશક દવાની વેચાણ કિંમત કિલોદીઠ રૂા. ૩૦/- રાખી શકાય એમ છે. (હરિફોની વેચાણ કિંમત ધ્યાનમાં રાખતા)

કંપની પોતાની પેદાશોનો બહોળો પ્રસાર કરવા માંગે છે. જાહેરાત માટે સંબંધિત રીતે કંપનીને ઉપયોગી એવા ત્રણ માધ્યમો સૂચવો અને તે પૈકી એકની પસંદગી કરી તેના કારણો જણાવો.

NST

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત.
## આંતરિક કસોટી - ૨૦૧૬
## એમ. કોમ. સેમેસ્ટર - ૧ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ : I

**તારીખ : ૨૮/૦૯/૨૦૧૬** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે.
(૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.

**૧. (અ) નીચે દર્શાવેલ વિગતો પરથી દેવાદાર ગુણોત્તર શોધો.** **(૦૫)**

| | |
|---|---|
| (૧) કુલ ગ્રોસ વેચાણ | ૧,૦૦,૦૦૦ |
| (૨) રોકડ વેચાણ | ૨૦,૦૦૦ |
| (૩) વેચાણ પરત | ૭,૦૦૦ |
| (૪) વર્ષના અંતે દેવાદારો | ૯,૦૦૦ |
| (૫) લેણીહૂંડી | ૨,૦૦૦ |
| (૬) વર્ષના અંતે ઘાલખાધ અનામત જોગવાઈ | ૧,૦૦૦ |
| (૭) લેણદારો | ૧૦,૦૦૦ |

**(બ) પાકા સરવૈયાની તારીખ પછી બનતાં બનાવો** **(૦૫)**

**૨. નીચે દર્શાવેલ માહિતી પરથી મામા લિ. ના વાર્ષિક હિસાબો તૈયાર કરો.** **(૧૪)**

| | |
|---|---|
| કાચો નફો | રૂા. ૬,૦૦,૦૦૦ |
| કાચા નફાનો ગુણોત્તર | ૨૫% |
| ચાલુ ગુણોત્તર | ૨.૫ : ૧ |
| પ્રવાહી ગુણોત્તર | ૧.૫ : ૧ |
| સ્ટોક ચલનદર (વે.મા.પ./સરે. સ્ટોક) | ૮ વખત |
| સંચાલન ગુણોત્તર | ૯૫% |
| કાયમી મિલકતો અને રોકાયેલી મૂડી | ૦.૮ |
| દેવાદારો ગુણોત્તર | ૨ માસ |
| લેણદાર ગુણોત્તર | ૧ માસ |

વધારાની માહિતી :

૧. ૧૨% ના ડિબેન્ચર એ જ માત્ર લાંબાગાળાનું દેવું છે.

૨. સંચાલન ખર્ચમાં રૂા. ૧૨,૦૦૦ ડિબેન્ચર વ્યાજનો સમાવેશ થાય છે.

૩. રોકડ વેચાણ કુલ વેચાણના ૨૦% છે.

૪. રોકડ ખરીદી કુલ ખરીદીના ૨૦% છે.

૫. શરૂઆતનો સ્ટોક, છેવટના સ્ટોક કરતાં રૂા. ૩૦,૦૦૦ ઓછો છે.

૬. ચાલુ મિલકતોના સ્ટોક, દેવાદારો અને બેંક સિલકનો સમાવેશ થાય છે. ચાલુ દેવામાં બેંક ઓવરડ્રાફ્ટ નથી. કરવેરાની જોગવાઈને ચાલુ દેવાંનો ભાગ ગણવાની છે.

૭. કાયમી મિલકતોમાં જમીન અને મકાન, યંત્રો અને ફર્નિચરનું પ્રમાણ ૩:૨:૧ છે.

૮. સામાન્ય અનામતની શરૂઆતની બાકી રૂા. ૪૦,૦૦૦ કરવેરાની જોગવાઈ ચોખ્ખા નફાના ૫૦% કરવાની છે.

**અથવા**

MRG/AMN

**૨. નીચેની માહિતી પરથી ભાણા લિમિટેડનું વેપાર, ન. નું. ખાતુ અને પાકુ સરવૈયું તૈયાર કરો. (૧૪)**

| | |
|---|---|
| કાચા નફાનો વેચાણ પર દર | ૪૦% |
| રોકાયેલી મૂડી પર વળતર | ૧૮% |
| સ્ટોક ઊથલો | ૩ વખત |
| દેવાદાર ગુણોતર (વર્ષના ૩૬૦ દિવસ) | ૧૧૨.૫ દિવસ |
| પ્રવાહી ગુણોતર | ૨ : ૧ |
| ચાલુ ગુણોતર | ૨.૫ : ૧ |
| કુલ વેચાણ (રોકડ વેચાણ ઉધાર વેચાણના ૨૫% છે.) | રૂા. ૩,૦૦,૦૦૦ |
| સરેરાશ સ્ટોક | રૂા. ૬૦,૦૦૦ |
| ચોખ્ખો નફો | રૂા. ૪૫,૦૦૦ |
| કાર્યશીલ મૂડી | રૂા. ૮૦,૦૦૦ |

વધારાની માહિતી :

૧. ચાલુ મિલકતોમાં દેવાદારો, સ્ટોક અને બેંકનો સમાવેશ થાય છે.

૨. ચાલુ દેવાંમાં બેંક ઓવરડ્રાફ્ટનો સમાવેશ થાય છે.

૩. શરૂઆતનો સ્ટોક આખર સ્ટોક કરતા ૪૦% વધુ છે.

૪. કોઈ અવાસ્તવિક મિલકત કે કોઈ લાંબાગાળાની જવાબદારી નથી.

૫. શેરમૂડી અને અનામત-વધારે (ન.નુ. સહિત) નું પ્રમાણ ૩ : ૨

**૩. શ્રી અમરોલીના આનંદનું ૩૧–૩–૨૦૦૯ ના રોજનું પાકું સરવૈયું. (૧૪)**

| મૂડી-દેવા | રૂા. | મિલકત - લેણાં | રૂા. |
|---|---|---|---|
| મૂડી | ૬,૦૦,૦૦૦ | યંત્રો | ૨,૧૦,૦૦૦ |
| લેણદારો | | ફર્નિચર | ૪૫,૦૦૦ |
| માલની ખરીદી | ૧,૦૫,૦૦૦ | સ્ટોક | ૧,૦૫,૦૦૦ |
| ધંધાના બાકી ખર્ચ અંગે | ૧૫,૦૦૦ | દેવાદારો | ૩,૦૦,૦૦૦ |
| | | રોકડ | ૧૫,૦૦૦ |
| | | બેંક | ૪૫,૦૦૦ |
| | ૭,૨૦,૦૦૦ | | ૭,૨૦,૦૦૦ |

વધારાની માહિતી :

૧. દેવાદારોની મુદત ૨ માસ

૨. લેવાદારોની મુદત ૧ માસ

૩. કાચો નફો વેચાણ પર ૩૩.$\frac{૧}{૩}$%

૪. કુલ વેચાણમાં રોકડ વેચાણ ૨૦%

૫. સ્ટોકની સપાટી એક સરખી રેહેશે.

૬. ગયા વર્ષ કરતાં ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦ નું વેચાણ ૨૦% વધુ થશે.

૭. દેવાદારો પાસેથી રૂા. ૧,૫૦,૦૦૦ રોકડેથી અને બાકીની ઉઘરાણી ચેકથી વસૂલ થઈ છે.

વર્ષ ૨૦૦૯ - ૧૦ ના વ્યવહારો

| બેંકમાંથી ચૂકવ્યા | રૂા. | રોકડા ચૂકવ્યા | રૂા. |
|---|---|---|---|
| યંત્રોની ખરીદી તા. ૧-૪-૨૦૦૯ | ૧,૨૦,૦૦૦ | ધંધાનો ખર્ચ | ૨,૭૦,૦૦૦ |
| ફર્નિચરની ખરીદી તા. ૧-૪-૨૦૦૯ | ૧૫,૦૦૦ | બેંકમાં ભર્યા | ૩,૦૦,૦૦૦ |
| રોકાણો | ૧,૨૦,૦૦૦ | | |
| ઉપાડ | ૬૦,૦૦૦ | | |
| ધંધાના ખર્ચા | ૯૦,૦૦૦ | | |
| લેણદારો | ? | | |

નોંધ : કાયમી મિલકતો પર ૧૦% અને ફર્નિચર પર ૨૦% લેખે ઘસારો ગણાવાનો છે.
ઉપરની માહિતી પરથી ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરો.

**અથવા**

**૩. એસ લિ. એચ લિ. ની ગૌણ કંપની છે. બંને કંપનીઓને લગતી વિગતો નીચે મુજબ છે. (૧૪)**

(૧) એસ લિ. ની શેર રૂા. ૧૦ નો એક એવા ૧,૦૦,૦૦૦ શેરો

(૨) એસ લિ. નફો અને ચૂકવેલ વિવિડન્ડ નીચે મુજબ છે.

| વર્ષ | નફો | ડિવિડન્ડનો દર |
|---|---|---|
| ૧૯૯૫ | ૫,૦૦,૦૦૦ | ૧૦% |
| ૧૯૯૬ | ૫,૨૫,૦૦૦ | ૧૦% |
| ૧૯૯૭ | ૫,૬૨,૫૦૦ | ૧૨.૫% |
| ૧૯૯૮ | ૫,૬૨,૫૦૦ | ૧૫% |
| ૧૯૯૯ | ૬,૦૦,૦૦૦ | જાહેર કર્યું નથી |

(૩) એચ લિ. દ્વાર દરેક કેલેન્ડર વર્ષની શરૂઆતથી ધારણ કરેલ શેરોની સંખ્યા

| | | |
|---|---|---|
| ૧૯૯૫ | ૬૦,૦૦૦ | (૧-૧-૯૫ ના રોજ ખરીદી) |
| ૧૯૯૬ | ૭૫,૦૦૦ | (૧-૧-૯૬ ના રોજ વધારાની ખરીદી સહિત) |
| ૧૯૯૭ | ૭૫,૦૦૦ | |
| ૧૯૯૮ | ૭૦,૦૦૦ | (૧-૧-૯૮ ના રોજ વેચેલ ૫૦૦૦ શેર પછી) |
| ૧૯૯૯ | ૮૦,૦૦૦ | (૧-૧-૯૯ ના રોજ વધારાની ખરીદી સહિત) |

એચ લિ. ના ૧૯૯૯ ના વર્ષના પ્રકાશિત હિસાબોમાં એસ લિ. ના નફા અંગે સમાયેલ અને ન સમાયેલ નફાની ગણતરી કરો.

**પ્ર – ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે ત્રણ) (૧૨)**

૧. ભંડોળ પ્રવાહ પત્રકની ઉપયોગિતા

૨. ગુણોતર વિશ્લેષણની ઉપયોગિતા

૩. ઓડિટ અહેવાલ બહાર પડી ગયા પછીના બનાવો

૪. નોંધેલ નફો - નહિ નોંધેલ નફો

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત.

આંતરિક કસોટી - ૨૦૧૬

એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)

નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ : II

તારીખ : ૨૯/૦૯/૨૦૧૬ બેઠક નંબર : .........

સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦ કુલ ગુણ : ૫૦

સૂચના : (૧) પ્રશ્ન નં ૧ ફરજિયાત છે. (૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે.
(૩) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.

**પ્રશ્ન : ૧ (અ) નીચે દર્શાવેલી માહિતી પરથી રામાક્રિષ્ના લિ. ની તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૬ ના રોજનાં પાકાં સરવૈયામાં ચોખ્ખી મિલકતોની ગણતરી કરો :** **(૦૫)**

| સ્થિર મિલકતો | તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ પડતર | વર્ષ દરમિયાન વધારો | તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ ઘસારા ફંડ | ઘસારાનો વાર્ષિક દર |
|---|---|---|---|---|
| જમીન - મકાન | ૧૫,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ (૦૧-૦૭-૨૦૧૫) | ૫,૦૦,૦૦૦ | ૫% |
| ફર્નિચર | ૨,૦૦,૦૦૦ | - | ૧,૦૦,૦૦૦ | ૧૦% |
| પ્લાન્ટ યંત્રો | ૬,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૧૦% |
| વાહનો | ૩,૦૦,૦૦૦ | - | ૧,૫૦,૦૦૦ | ૧૨% |

તા. ૦૧-૦૪-૨૦૧૫ ના રોજ રૂા. ૨,૦૦,૦૦૦ ની પડતર કિંમતની (એકત્રિત ઘસારો રૂા. ૧,૦૦,૦૦૦) એક મોટરકાર રૂા. ૭૦,૦૦૦ માં વેચવામાં આવી હતી. ઘસારાની જોગવાઈ ઘટતી જતી બાકીની રીતે કરવામાં આવે છે.

**પ્રશ્ન : ૧ (બ)** પટેલ લિ. ના ચોપડે તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ સ્ટોકની કિંમત રૂા. ૧,૫૯,૨૦૦ દર્શાવિલ છે. સ્ટોકની કિંમત આંકતી વખતે ઉપરોકત માલ કેટલાંક માલ જેની મૂળ કિંમત રૂા. ૧૩૮૦૦ છે. તેનું બરાબર વેચાણ થતું ન હોવાથી રૂા. ૪૬૦૦ લખી વાળવામાં આવ્યા હતાં. માલનો આ થોડો ભાગ જેની મૂળકિંમત રૂા. ૬૯૦૦ હતી તેને ચાલુ વર્ષે રૂા. ૫૦૦ ના નુકસાને વેચવામાં આવ્યો. ચાલુ વર્ષે ચોખ્ખી ખરીદી અને ચોખ્ખું વેચાણ અનુક્રમે રૂા. ૩,૨૪,૦૦૦ અને રૂા. ૪,૫૬,૦૦૦ હતું. કાચા નફાનો દર વેચાણ પર ૨૦% છે. આગથી બચાવી લીધેલ માલની કિંમત રૂા. ૪,૮૮૭ હતી. દાવાની રકમ શોધા. **(૦૫)**

**પ્રશ્ન : ૨** શ્રી દામેદારદાસના ગોડાઉનમાં તા. ૩૦/૬/૨૦૧૫ ના રોજ આગ લાગી. ફકત રૂા. ૧૯,૫૦૦ નો માલ બચાવી લેવામાં આવ્યો. માલના સ્ટોકનો આગનો વીમો રૂા. ૮૦,૦૦૦ નો લેવામાં આવ્યો હતો. પોલિસીમાં સરેરાશ કલમનો સમાવેશ થાય છે. આગથી બચી ગયેલા ચોપડા અને નોંધો પરથી નીચે મુજબ માહિતી મળે છે. **(૧૪)**

| વિગત | રૂપિયા |
|---|---|
| તા. ૧-૧-૨૦૧૫ ના રોજનો સ્ટોક | ૯૦,૦૦૦ |
| તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૩૦-૬-૨૦૧૫ દરમિયાનના વ્યવહારો | |
| ખરીદી | ૩,૦૦,૦૦૦ |
| વેચાણ | ૩,૯૦,૦૦૦ |
| મજૂરી | ૧૫,૦૦૦ |
| નૂર અને જકાત | ૧૨,૦૦૦ |
| આવકમાલ ગાડી ભાડું | ૫,૦૦૦ |

**વધારાની માહિતી :**

(૧) રૂા. ૧૨,૦૦૦ ની પડતર કિંમતનો માલ એક મિત્રને ભાવોભાવ વેચવામાં આવ્યો હતો જેની નોંધ વેચાણનોંધમાં થઈ છે.

(૨) તા. ૨૦-૬-૨૦૧૫ ના રોજ કિશનને કેટલોક માલ રૂા. ૧૮,૦૦૦ માં વેચવામાં આવ્યો હતો. જેની નોંધ વેચાણનોંધમાં થઈ છે. પરંતુ માલની ડિલિવરી તા. ૩૦-૬-૨૦૧૫ સુધી કરવામાં આવી ન હતી.

(૩) તા. ૨૫-૬-૨૦૧૫ ના રોજ રૂા. ૧૫,૦૦૦ નો માલ ખરીદ્યો હતો જેની નોંધ થઈ ગઈ છે, પરંતુ માલની ડિલિવરી તા. ૩૦-૬-૨૦૧૫ સુધી મળી નથી.

(૪) રૂા. ૪,૦૦૦ નો માલ નમૂના તરીકે મફત વહેંચવામાં આવ્યો હતો તેમજ રૂા. ૧,૦૦૦ ની કિંમતનો માલ ધમાર્દા તરીકે આપવામાં આવ્યો હતો.

(૫) રૂા ૨૫,૦૦૦ ની પડતર કિંમતનો માલ આડતિયાને આડત પર વેચવા માટે મોકલવામાં આવ્યો હતો જેની નોંધ વેચાણ તરીકે થઈ છે.

(૬) ચુકવેલ મજુરીમાં રૂા. ૧૫૦૦ યંત્ર ગોઠવવા માટે ચૂકવેલ મજુરીનો સમાવેશ થાય છે. જયારે રૂા. ૫૦૦ મજૂરી ચૂકવવાની બાકી છે.

| વર્ષ | શરૂઆતનો સ્ટોક રૂા. | વેચાણ રૂા. | કાચો નફો રૂા. |
|---|---|---|---|
| ૨૦૧૩ | ૫૪,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૧,૧૮,૦૦૦ |
| ૨૦૧૪ | ૭૨,૦૦૦ | ૫,૫૦,૦૦૦ | ૧,૬૩,૦૦૦ |

કંપનીમાં સ્ટોક પડતર કિંમત કરતા ૧૦% ઓછો આંકવાની પ્રથા છે. વીમા કંપની સમક્ષ રજૂ કરવાની આગના દાવાની રકમ શોધો.

**અથવા**

**પ્રશ્ન : ૨ નીચેની વિગતોનાં આધારે નફાનુકસાનની રકમની ગણતરી કરો :** **(૧૪)**

| | |
|---|---|
| બાંયધરીનો સમય | ૪ માસ |
| આગ લાગ્યા તારીખ | ૧-૪-૨૦૧૫ |
| વીમો ઉતારેલ રકમ | રૂા. ૬૦,૦૦૦ |
| છેલ્લા નાણાંકીય વર્ષનું વેચાણ | રૂા. ૨,૪૦,૦૦૦ |
| છેલ્લા નાણાંકીય વર્ષમાં વીમો ઉતરાવેલ સ્થિરખર્ચા | રૂા. ૨૬,૦૦૦ |
| છેલ્લા નાણાંકીય વર્ષનો ચોખ્ખો નફો | રૂા. ૩૪,૦૦૦ |
| વેચાણ : | |
| ૧-૪-૨૦૧૫ થી ૧-૮-૨૦૧૫ | રૂા. ૩૦,૦૦૦ |
| ૧-૪-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ | રૂા. ૩,૨૦,૦૦૦ |
| ૧-૪-૨૦૧૪ થી ૧-૮-૨૦૧૫ | રૂા. ૧,૦૦,૦૦૦ |

ઉત્પાદનની સુધારેલી પદ્ધતિ અનુસાર ગયા વર્ષની સરખામણીમાં વેચાણમાં ૧૦% વધારો થશે.

## ૩. નૈત્ર કંપની લિ. નું તા. ૧૩–૩–૨૦૧૪ ના રોજનું કાચુ સરવૈયુ (૧૪)

| વિગત | ઉધાર બાકી રૂા. | જમા બાકી રૂા. |
|---|---|---|
| ખરીદ - વેચાણ | ૩૭,૫૦,૦૦૦ | ૮૦,૦૦,૦૦૦ |
| માલ પરત | ૫૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| આવકવેરાની જોગવાઈ (૧-૪-૨૦૧૩) | - | ૧૦,૦૦,૦૦૦ |
| ગયા વર્ષમાં ચૂકવેલ આવકવેરો | ૮,૬૦,૦૦૦ | - |
| પ્રોવિડન્ટ ફંડ અને તેમાં ફાળો | ૨૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ૧૫% ના ડિબેંચર અને તેનું વ્યાજ | ૧,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| બાંયધરી કમિશન | ૧,૦૦,૦૦૦ | - |
| રોકાણ (મુકિત લિ. ના રૂા. ૧૦૦ ના શેર દીઠ રૂા. ૭૫ ભરપાઈ) | ૧,૫૦,૦૦૦ | - |
| વ્યાજ-ડિવિડન્ડ (ગ્રોસ રૂા. ૫૦,૦૦૦) | - | ૪૦,૦૦૦ |
| ટેલીફોન ડિપોઝીટ | ૨,૦૦,૦૦૦ | - |
| ઈકિવટી શેરમૂડી | - | ૫૦,૦૦,૦૦૦ |
| હૂંડીઓ | ૨,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| દેવાદારો - લેણદારો | ૮,૦૦,૦૦૦ | ૩,૫૦,૦૦૦ |
| માલ સ્ટોક (૧-૪-૨૦૧૩) | ૩,૬૦,૦૦૦ | - |
| ઉત્પાદક મજૂરી | ૫૦,૦૦૦ | - |
| વચગાળાનું ડિવિડન્ડ | ૫,૦૦,૦૦૦ | - |
| નફા-નુકસાન ખાતું (૧-૪-૨૦૧૩) | - | ૬,૦૦,૦૦૦ |
| મોટર ખર્ચ | ૬૦,૦૦૦ | - |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| રોકડ/બેન્ક | ૧,૭૫,૦૦૦ | ૨,૫૫,૦૦૦ |
| સામાન્ય અનામત | - | ૧૦,૦૦,૦૦૦ |
| ડિબેન્ચર પરત નિધિ તથા તેના રોકાણો | ૪,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ |
| વહીવટી ખર્ચ | ૭,૮૦,૦૦૦ | - |
| પ્લાન્ટ અને યંત્રો | ૭૧,૫૦,૦૦૦ | - |
| પ્લાન્ટ અને યંત્રો પર ઘસારો | ૭,૦૦,૦૦૦ | - |
| મકાન ઘસારા બાદ (૧-૪-૨૦૧૩) | ૧૬,૨૦,૦૦૦ | - |
| મોટર | ૧,૩૦,૦૦૦ | - |
| | ૮૨,૨૫,૦૦૦ | ૮૨,૨૫,૦૦૦ |

નીચેની વધારાની માહિતી ધ્યાનમાં લઈ કંપની ધારા મુજબ તા. ૩૧-૩-૨૦૧૪ ના રોજ પૂરા થતા વર્ષનાં ઊભા પાકા સરવૈયાની રીતે વાર્ષિક હિસાબો તૈયાર કરો :

(૧) વર્ષ આખરનો સ્ટોક રૂા. ૨,૦૦,૦૦૦ છે. જેનું મૂલ્યાંકન પડતર કિંમત પર ૨૫% નફો ચઢાવીને કરેલ છે.

(૨) રૂા. ૫૦,૦૦૦ ડિબેચર પરત નિધિ ખાતે અને રૂા. ૧,૫૦,૦૦૦ સામાન્ય અનામત ખાતે લઈ જાઓ.

(૩) પાછલા વર્ષની આવકવેરાની કોઈ જવાબદારી બાકી રહેતી નથી. ચાલુ વર્ષ માટે નફાનાં ૫૫% કરવેરાની જોગવાઈ કરવાની છે.

(૪) કંપનીના સંચાલકોએ ઈકિવટી શેરમૂડી પર ૧૦% લેખે છેવટનાં ડિવિડન્ડની ભલામણ કરેલ છે.

(૫) દેવાદારો પર ૫% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો. બાંયધરી કમિશનનાં ૨૦% માંડી વાળો.

(૬) મોટર પર ૧૦% ઘસારો માંડી વાળો. મકાન તા. ૧-૪-૨૦૧૧ નાં રોજ ખરીદેલ જેનાં પર ૧૦% પ્રમાણે દર વર્ષે ઘટતી જતી બાકી પ્રમાણે ઘસારો ગણેલ છે. પરંતુ હવે તા. ૧-૪-૨૦૧૩ થી સીધી લીટી રીતે ઘસારો ગણવાનો છે.

(૭) મોટર ખર્ચમાં તા. ૩૦-૬-૨૦૧૪ નાં રોજ પૂરા થતા વર્ષનાં લાઈસન્સ ફી નાં રૂા. ૧૨,૦૦૦ અને ૩૧-૧૨-૧૪ નાં રોજ પૂરા થતાં વર્ષનાં વીમાનાં રૂા. ૧૮,૦૦૦ નો સમાવેશ થાય છે.

(૮) કંપની સામે દાવાનાં રૂા. ૧૦,૦૦૦ ની રકમ દેવા તરીકે સ્વીકારવામાં આવી નથી.

**પ્રશ્ન : ૪ (અ)** માનવસંપતિના મૂલ્યાંકન માટે ઐતિહાસિક પડતર અભિગમ અને વર્તમાન મૂલ્ય અભિગમ સમજાવો. **(૦૬)**

**(બ)** તમે માનો છો કે પર્યાવરણની હિસાબી પધ્ધતિએ આધુનિક સમયની એક તાતી જરૂરિયાત છે ? શા માટે ? **(૦૬)**

**અથવા**

**પ્રશ્ન : ૪ (અ)** માનવ સાધનોને સંપત્તિ ગણલાની તમે તરફેણ કરો છો ? તમારા જવાબના સમર્થનમાં દલીલ કરો ? **(૦૬)**

**(બ)** પર્યાવરણલક્ષી હિસાબી પધ્ધતિ એટલે શું ? વિવિધ દેશોમાં થયેલો વિકાસ વર્ણવો. **(૦૬)**

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત.
## આંતરિક કસોટી - ૨૦૧૬
## એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ : III

**તારીખ : ૩૦/૦૯/૨૦૧૬** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે. (૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.**

**૧. (અ)** શ્રી દિપકની વર્ષ ૨૦૧૫-૧૬ ની માહિતી નીચે મુજબ છે. આ. વર્ષ ૨૦૧૬-૧૭ માટે કુલ કરપાત્ર શોધો. **(૦૫)**

| વિગત | રૂપિયા |
|---|---|
| ૧. કાપડના ધંધામાંથી પ્રાપ્ત થયેલ નફો | ૫,૦૦,૦૦૦ |
| ૨. ઈલેક્ટ્રોનિકસના ધંધામાંથી થયેલ ખોટ | ૧,૦૦,૦૦૦ |
| ૩. મકાન-મિલકતની કરપાત્ર આવક | ૬૦,૦૦૦ |
| ૪. સટ્ટાકીય ધંધાનો નફો | ૧,૦૦,૦૦૦ |
| ૫. શેર વેચાણનો ટૂંકાગાળાનો નફો | ૪૦,૦૦૦ |
| ૬. ઝવેરાત વેચાણનો લાંબાગાળાનો નફો | ૫૦,૦૦૦ |
| ૭. ડિબેંચર વેચાણની ટૂંકાગાળાની ખોટ | ૨૦,૦૦૦ |
| ૮. પા. વ. ૨૦૧૪-૧૫ નો નહિ સમાયેલ ઘસારો | ૪૦,૦૦૦ |
| ૯. પા. વ. ૨૦૧૪-૧૫ ના સટ્ટાકીય ધંધાનું આગળ ખેચેલ નુકસાન | ૫૦,૦૦૦ |
| ૧૦. પા. વ. ૨૦૧૪-૧૫ ની મકાન - મિલકતની આવકના શિર્ષક હેઠળની ખોટ | ૪૦,૦૦૦ |

**૧. (બ)** પ્લાન્ટ-યંત્રોની તા.૧-૪-૨૦૧૫ ના રોજની ચોપડે કિંમત રૂ. ૧,૬૦,૦૦૦ હતી. આ ઉપરાંત તા. ૧-૯-૨૦૧૫ ના રોજ રૂ. ૪૦,૦૦૦ ના તથા તા. ૧-૧-૨૦૧૬ નાં રોજ રૂ. ૮૦,૦૦૦ ના યંત્રો ખરીદી કર્યા હતા. એક યંત્ર તા. ૧-૭-૨૦૧૫ ના રોજ રૂ. ૫૦,૦૦૦ માં વેચી દીધું હતું. જેની મૂળ કિંમત રૂ. ૪૫,૦૦૦ હતી અને વેચાણ ખર્ચ રૂ. ૪,૦૦૦ થયો. ઘસારોનો દર ૧૫% છે. આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ માટે મળવાપાત્ર ઘસારો ગણો. **(૦૩)**

**૧. (ક)** તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજ પૂરાં થતાં વર્ષ દરમ્યાન શ્રી જેઠાલાલે કરેલા વ્યવહારો નીચે મુજબ છે. તેના પરથી કરપાત્ર મૂડી નફો શોધો : **(૦૪)**

| મિલકતો | ખરીદ કિંમત (રૂ.) | વેચાણ કિંમત (રૂ.) | ખરીદ તારીખ | ૧/૭/૧૯૮૧ ની કિંમત (રૂ) | સંબંધિત સૂચક આંક |
|---|---|---|---|---|---|
| ૧. ગ્રામ્ય વિસ્તારમાં ખેતીની જમીન | ૨,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૧૦/૧/૧૯૮૭ | - | ૧૪૦ |
| ૨. શહેરી જમીન | ૬૪,૦૦૦ | ૧૧,૯૯,૨૦૦ | ૧૦/૧/૧૯૭૭ | ૮૦,૦૦૦ | ૧૦૦ |
| ૩. શેર બજારમાં નહિ નોંધાયેલ ડિબેંચર્સ | ૨,૩૦,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૧૦/૧/૧૯૮૮ | - | ૧૫૦ |

નોંધ : (૧) બધી જ મિલકતો જાન્યુઆરી ૨૦૧૬ માં વેચેલ છે.
(૨) વર્ષ ૨૦૧૫-૧૬ નો સૂંચક આંક ૧૦૮૧ છે.

**(પાનું ઊલટાવો)**

**૨. (અ)** મિ. રોબિન કે જેઓ ભારતના સામાન્ય રહીશ છે. તેમણે ૧૫ મી ડિસેમ્બર ૨૦૧૫ ના રોજ તેમની અંગત માલિકીનું સોનું રૂા. ૫૦,૦૦,૦૦૦ માં વેચેલ છે. તે અંગે તેમને વેલ્યુએશન ખર્ચા રૂા. ૪૦,૦૦૦ થયા હતાં. આ સોનું ૧૯૭૨-૯૩ માં રૂા. ૨,૦૦,૦૦૦ માં ખરીદેલ હતું. તા. ૧-૪-૧૯૮૧ ના રોજ તેની વ્યાજબી બજાર કિંમત રૂા. ૪,૦૦,૦૦૦ હતી. **(૦૪)**

તેમણે તા. ૧૦-૨-૨૦૧૬ ના રોજ RECL માં રૂા. ૧,૦૪,૦૦૦ નું ત્રણ વર્ષમાં રોકાણ કર્યું હતું. આ. વર્ષ ૨૦૧૬-૧૭ માટે કલમ ૫૪ મુજબ મૂડી નફાની કરપાત્ર રકમ નકકી કરો.

સૂચક આંક :- ૧૯૮૧-૮૨ : ૧૦૦, ૨૦૧૫-૧૬ : ૧૦૮૧

**૨. (બ)** યંત્રોની તા.૧-૪-૨૦૧૪ ના રોજની ચોપડે કિંમત રૂા. ૩૩,૭૫,૦૦૦ હતી. તા. ૧-૬-૨૦૧૪ ના રોજ બીજા વધારાના રૂા. ૧૧,૨૫,૦૦૦ ના યંત્રો ખરીદ્યાં. જે અંગે ગોઠવણી ખર્ચ રૂા. ૩૩,૭૫૦, જકાત રૂા. ૨૬,૨૫૦, ગાડાભાડું રૂા. ૨૨,૫૦૦ અને અન્ય ખરીદીના ખર્ચ રૂા. ૩૦,૦૦૦ ચૂકવ્યાં. ખરીદેલ યંત્રો અંગે રૂા. ૭,૫૦,૦૦૦ ની ૧૦% ના દરે તા. ૧-૬-૨૦૧૪ ના રોજ લોન લીધી હતી. ખરીદેલ યંત્રોનો ઉપયોગ તા. ૧-૨-૨૦૧૪ થી કર્યો. તા. ૧-૧૦-૨૦૧૪ ના રોજ જૂના રૂા. ૨,૨૫,૦૦૦ ની ચોપડે કિંમતના યંત્રો રૂા. ૧,૫૭,૫૦૦ માં વેચી દીધા. જેનો વેચાણ ખર્ચ રૂા. ૭,૫૦૦ થયો. તા. ૧-૮-૨૦૧૫ ના રોજ રૂા. ૨,૨૫,૦૦૦ ના નવા યંત્રો ખરીદ્યાં. **(૦૬)**

તા. ૧-૧-૨૦૧૬ ના રોજ રૂા. ૫,૬૨,૫૦૦ ના યંત્રો આગથી નાશ પામ્યા જેનો વીમા કંપનીએ રૂા. ૩,૭૫,૦૦૦ નો દાવો મંજૂર કર્યો. માન્ય ઘસારાનો દર ૨૦% છે. આ. વર્ષ ૨૦૧૬-૧૭ માટે મજરે મળવાપાત્ર ઘસારો શોધો.

**૨. (ક)** શ્રી પરેશે વર્ષ ૧૯૭૪-૭૫ દરમ્યાન રૂા. ૨,૦૮,૦૦૦ નું રહેઠાણનું મકાન ખરીદ્યું. દલાલીની રૂા. ૮,૦૦૦ ચૂકવ્યાં. વર્ષ ૧૯૭૬-૭૭ દરમ્યાન રૂા. ૧૬,૫૦૦ બાંધકામનાં ખર્ચા ચૂકવ્યાં. તા. ૧-૪-૧૯૮૧ ના રોજ ઉપરોકત રહેઠાણનાં મકાનની બજારકિંમત રૂા. ૨,૨૦,૦૦૦ હતી. તા. ૧-૬-૧૯૮૧ ના રોજ આ મકાન વેચવાનો કરાર કરી બાના પેટે રૂા. ૨૨,૫૦૦ લીધા. ખરીદનાર સમયસર નાણાં ચૂકવી શકયાં નહિ. તેથી બાનાની રકમ જતી કરી કરાર રદ કર્યો. **(૦૪)**

તા. ૧-૧-૨૦૧૬ ના રોજ તે મકાન રૂા. ૭૯,૫૦,૦૦૦ માં વેચીને રૂા. ૫૦,૦૦૦ દલાલી ચૂકવી અને રૂા. ૮૭,૦૦,૦૦૦ નું અન્ય મકાન ખરીદીને તે પેટે ફકત રૂા. ૪૫,૦૦,૦૦૦ ચૂકવ્યાં.

કલમ ૫૪ મુજબ આ. વર્ષ ૨૦૧૬-૧૭ માટે કરપાત્ર મૂડી નફો શોધો.

**અથવા**

**૨. (અ)** લાંબાગાળાના મૂડી નફા અંગે મૂડી નફાના શીર્ષક હેઠળ બાદ મળતી કપાતો જણાવો. **(૦૫)**

**(બ)** કલમ ૫૪, કલમ ૫૪ એફ અને કલમ ૫૪ ઈ.સી. ઉદાહરણ સહિત સમજાવો. **(૦૯)**

**૩.** હિસાબી ધોરણનો ખ્યાલ સમજાવી. હિસાબી નીતિઓનું પ્રગટીકરણ (હિસાબી ધોરણ : ૧) ની વિગતવાર ચર્ચા કરો. **(૧૪)**

**અથવા**

**૩. શ્રી ઉષાકાંતનું તા. ૩૧–૩–૨૦૧૬ ના રોજ પૂરાં થતાં વર્ષનું નફા–નુકસાન ખાતું** **(૧૪)**

ઉધાર જમા

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| IIT ને સંશોધન માટે ફાળો | ૧૭,૫૦૦ | કાચો નફો | ૯,૬૨,૫૦૦ |
| ઓફિસ પગાર | ૬૨,૫૦૦ | લોટરીનું ઈનામ (ગ્રોસ) | ૧૩,૭૫૦ |
| મૂડીનું વ્યાજ | ૨૫,૦૦૦ | ઘાલખાધ પરત | ૬૨,૫૦૦ |
| આવક વેરો | ૧૨,૫૦૦ | વ્યાજ - ડિવિડન્ડ | ૩૭,૫૦૦ |
| માલિકનો પગાર | ૩૭,૫૦૦ | લાંબાગાળાનો મૂડી નફો | ૬૨,૫૦૦ |
| સામાન્ય અનામત | ૨૫,૦૦૦ | મકાનનું ભાડું | ૮૭,૫૦૦ |
| ઘસારો | ૩૭,૫૦૦ | પગારની આવક | ૩૭,૫૦૦ |
| જીવન વીમા પ્રિમીયમ | ૫૦,૦૦૦ | | |
| વેચાણ વેરો | ૧૨,૫૦૦ | | |
| દાન | ૧૨,૫૦૦ | | |
| વાહન ખર્ચ (મોટર) | ૨૫,૦૦૦ | | |
| પ્રવાસ ખર્ચ | ૩૭,૫૦૦ | | |
| પી.પી.એફ. માં ભર્યા | ૨૫,૦૦૦ | | |
| ભાડે આવેલ મકાનના સ્થાનિક વેરા | ૮,૭૫૦ | | |
| ચોખ્ખો નફો | ૮,૭૫,૦૦૦ | | |
| | ૧૨,૬૩,૭૫૦ | | ૧૨,૬૩,૭૫૦ |

વધારાની માહિતી :

૧. ઘાલખાધ પરત પૈકી ૨૦% ભૂતકાળમાં માન્ય કરેલ નથી.

૨. પુત્રને ચૂકવેલ પગાર રૂા. ૧૨,૫૦૦ નો સમાવેશ ઓફિસ પગારમાં કરેલ છે. તેનો માન્ય પગાર રૂા. ૬,૨૫૦ છે.

૩. માન્ય ઘસારો રૂા. ૧૨,૫૦૦ છે.

૪. દાન માન્ય સંસ્થાને આપેલ છે.

૫. ઘસારમાં રૂા. ૧૦,૦૦૦ મોટરકાર ના ઘસારાના સમાયેલા છે. મોટરકારનો ઉપયોગ ૬૦% ધંધા માટે થાય છે.

૬. પ્રવાસખર્ચનાં ૨૦% કુંટુંબ યાત્રા પ્રવાસના છે.

૭. વેચાણ વેરા પૈકી રૂા. ૨,૫૦૦ હજુ ચુકવવાના બાકી છે.

૮. રૂા. ૫૦,૦૦૦ ટેકનીકલ નો-હાઉ ખર્ચના તા. ૧-૪-૨૦૧૫ ના રોજ ચૂકવ્યાં હતા.

૯. તા.૧-૪-૨૦૧૫ ના રોજ પ્રાથમિક ખર્ચ રૂા. ૩૭,૫૦૦ ચૂકવ્યો.

૧૦. તા. ૧-૪-૨૦૦૨ ના રોજ પેટ્ન્ટ હકની ખરીદીનાં રૂા. ૧૭,૫૦૦ ચૂકવ્યાં હતા.

આ. વર્ષ ૨૦૧૬-૧૭ માટે ધંધા-વ્યવસાયની કરપાત્ર આવકની ગણતરી કરો.

**૪. ટૂંકનોંધ લખો. (કોઈ પણ બે)** **(૧૦)**

૧. લાંબાંગાળાનો અને ટૂંકાગાળાનો મૂડી નફો

૨. નુકસાન માંડી વાળવું અને આગળ ખેંચી જવા અંગેની જોગવાઈઓ

૩. હિસાબી ધોરણોની ઉપયોગિતા

૪. ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન - હિસાબી ધોરણ -૨

૫. માન્ય, અમાન્ય અને નહિ સમાયેલ ઘસારો